**અમદાવાદ (ગ્રામ્ય) ના મે. ચોથા એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મિરઝાપુર, અમદાવાદ**

**ક્રિમીનલ કેસ નંબર–૭પ૨૩/૧૯**
**આંક:–**

**ફરીયાદી:–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી:–** રાજપાલસિંહ કુરેન્દ્રસિંહ રાઠોડ

**ગુન્હો :–ભારતીય દંડ સહિતા, ૧૮૬૦ ની કલમ ઈ.પી.કો. કલમ–૨૭૮, ૩૩૭ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબ..**

## :: ચુકાદો ::

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે તા. ના રોજ કલાક વાગ્યે આરોપીએ ગુન્હો કરેલ હોય, આરોપી વિરુધ્ધ ગુન્હાની ફરીયાદ નોંધી, તપાસ પૂર્ણ કરી આ અદાલતમાં ભારતીય દંડ સહિતા, ૧૮૬૦ ની કલમ ઈ.પી.કો. કલમ–૨૭૮, ૩૩૭ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા અંગેનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ (સંહિતા) ની કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો પૂરી પાડવામાં આવી. ત્યારબાદ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવી અલગથી ગુન્હા કબુલાત પુરસીસ **આંક–** થી આપેલ છે. ત્યારબાદ સદર ગુન્હા સંબંધેની આરોપીની પ્લી **આંક:** થી નોધવામાં આવેલ છે જેમા પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાય છે. આરોપીએ ગુન્હાની કબુલાત કોઈ પણ જાતના દબાણ વગર

સ્વેચ્છાએ કરેલ છે તેની ખાતરી કરવામાં આવ્યાબાદ આરોપીને ગુન્હાની કબુલાત નોંધી આ કામે રેકર્ડ ઉપર લેવામા આવેલ છે અને આરોપીને ભારતીય દંડ સહિતા, ૧૮૬૦ ની કલમ ઈ.પી.કો. કલમ–૨૭૮, ૩૩૭ તથા એમ.વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીએ ગુન્હાનો એકરાર સ્વેચ્છીક રીતે કરેલ છે અને લેખીત તેમજ મૌખિક રજુઆત કરેલ છે કે તેઓ ગરીબ માણસ છે, પ્રથમ વખત ભૂલ થયેલ છે. કુટુંબ કબીલાવાળા માણસ છે. કુટુંબના ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે. ગુન્હો કરવા બદલ પસ્તાવો વ્યકત કરેલ છે તેમજ ફરી વખત આવો ગુન્હો નહી કરવાની ખાતરી આપેલ છે આથી દયા કરવા અરજ ગુજારેલ છે.

(૩) ફરિયાદ પક્ષ તરફથી એવુ કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ ગુન્હો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુન્હો હોવાનું જણાય છે. તેમજ કુટુંબના જવાબદારી તથા આરોપીએ કરેલ પશ્ચાતાપ ઘ્યાને લેતા તેમજ આરોપીએ આવા પ્રકારનો ગુન્હો નહી કરવાની ખાતરી આપતા હોવાથી આરોપીને સુધારવાની તક આપવી જોઈએ. આવા સજોગોમાં આરોપીની સામેનું તહોમત તેમજ ગુન્હાની ગંભીરતા અને સજાની જોગવાઈ તેમજ આરોપીની રજુઆત ઘ્યાને લેતા, આરોપીની વિરુઘ્ધ આ પ્રથમ પ્રકારનો હોય, ન્યાયના હીતમાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

**આરોપી:**–રાજપાલસિંહ કુરેન્દ્રસિંહ રાઠોડ, રહે. વાળાને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને રૂા.૨૦૦/–

(અંકે રૂપિયા બસો પુરા) નો દંડ કરવામાં આવે છે.

જો આરોપી દંડ ન ભરેતો તેઓએ ત્રણ દિવસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આરોપીના જામીન ખત અને જાત મુચરકા રદ કરવામા આવે છે.

હુકમ આજ તા.૧૪ મી, માહે : સપ્ટેમ્બર, સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા: ૧૪/૦૯/૨૦૧૯
સ્થળ :– અમદાવાદ

(ટી.એ. ભાડજા)
ચોથા એડી.સીવીલ જજ તથા જયુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર,
યુ.આઈ.સી. નં.જીજે૦૧૩૯૯